## નીટની પિટિશનમાં અંગ્રેજીના વિદ્યાર્થીઓ પણ પક્ષકાર બન્યા

અમદાવાદ,તા.૫

નેશનલ એલિજીબીલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ(એનઈઈટી-નીટ)ની તાજેતરમાં લેવાયેલી પરીક્ષામાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ભારોભાર અન્યાય થયો હોવાનો મુદ્દો ઉપસ્થિત કરતી રિટ અરજીમાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ પણ અરજી કરી આ કેસમાં હવે પક્ષકાર તરીકે જોડાયા છે.

બીજીબાજુ, સીબીએસઇ (સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન) તરફથી જવાબ રજૂ કરવા માટે સમયની માંગણી કરતાં હાઇકોર્ટે કેસની વધુ સુનાવણી આવતીકાલ પર રાખી છે. સીબીઈએસઈ(સેન્ટ્રલ બોર્ડ) દ્વારા તા.૭મી મેના રોજ લેવાયેલી નીટની પરીક્ષામાં ગુજરાતના વિદ્યાર્થીઓને ભારે અન્યાય થયો છે. કારણ કે, નીટની પરીક્ષામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના પૂછાયેલા પ્રશ્નપત્ર બંને અલગ-અલગ હતા. એટલું જ નહી, અંગ્રેજી માધ્યમ કરતાં ગુજરાતી માધ્યમનું પેપર વધુ અઘરૂં હતુ, જેના કારણે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને પેપરમાં ઘણો અન્યાય થયો છે. તમામ વિદ્યાર્થીઓને એકસમાન તક અને એકસમાન ટ્રીટમેન્ટની સત્તાવાળાઓના દાવા આ નીટની પરીક્ષામાં પોકળ સાબિત થયા છે.

સત્તાવાળાઓના આવા ભેદભાવભર્યા વલણના કારણે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓના પરિણામ પર ગંભીર અસરો પડે તેમ છે અને તેના આધારે હાથ ધરાનારી આગળના પીજી મેડિકલ અને ડેન્ટલની પ્રવેશ પ્રક્રિયામાં પણ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ભારોભાર અન્યાય થવાની દહેશત છે. આ સંજોગોમાં હાઈકોર્ટે આ સમગ્ર મામલે દરમ્યાનગીરી કરી સત્તાવાળાઓને જરૂરી આદેશો કરવા જોઇએ. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે અલગ મેરિટ બનાવવા પણ અરજીમાં માંગ કરાઇ હતી.

## બારશાખ રાજપૂત સમાજનું ગૌરવ



આયુષી કેતનભાઈ રાજપૂત એસએસસીમાં ૯૭.૦૬ ટકા મેળવેલ છે.



કર્ણાટકના રાજ્યપાલશ્રી વજુભાઈ વાળાએ આજે રાજભવન ગાંધીનગર ખાતે ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

## સે-૨૪ માં આજે સુંદરકાંડના સંગીતમય પાઠનુ આયોજન

ગાંધીનગર તા ૫

સે-૨૪ માં આજે રાત્રે ૮:૩૦ કલાકે સુંદરાકાંડના પાઠનુ આયોજન કરવામાં આવ્યુ છે. યુવાકથાકાર દિલીપ ભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સેકટરમાં પીપળાવાળા હનુમાન મંદિર ખાતે રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના પાઠ યોજાશે. સે-૨૪ ના કમલેશભાઈ યાદવના યજમાનપદે સુંદરકાંડના પાઠનુ આયોજન કરવામાં આવ્યુ છે. સંગીતમય સુંદરાકાંડના પાઠનો લાભ લેવા ભાવિકોને જણાંવાયુ છે.



કેરી ઉત્સવ : શહેરના ગ્રામ દેવતા સમાન પંચદેવ મંદિરે રવિવારે કેરી ઉત્સવની ઉજવણી કરાઈ હતી. વિવિધ પ્રકારની કેરી ભગવાનના ભોગ તરીકે ધરાવાઈ હતી.

# ચૂંટણી ઢંઢેરો જાહેર કરી રહેલા પક્ષોની જવાબદારી નક્કી કરો

### સેવા ગુર્જરી ટ્રસ્ટ દ્વારા હાઇકોર્ટમાં અરજી : પ્રજાને ગેરમાર્ગે દોરતા તેમજ વિશ્વાસઘાત કરતા રાજકીય પક્ષો પર જવાબદેહીનો કોરડો વીંઝવા માટે માંગણી કરાઈ

અમદાવાદ,તા.૫

રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પૂર્વે ચૂંટણી ઢંઢેરાના બહાને નાગરિકોને મોટા મોટા વાયદા અને વચનો આપી તેનું વાસ્તવિક પાલન કરતા ન હોઈ આવા પક્ષોને ચૂંટણી ઢંઢેરો બહાર પાડતા અટકાવવા અથવા તો આ સમગ્ર મામલામાં રાજકીય પક્ષોની જવાબદેહી નક્કી કરી તેઓને તેમણે પ્રજાને આપેલા વચનો પરત્વે જવાબદાર બનાવવા દાદ માંગતી મહત્વની રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થઈ છે. જેની સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરાશે. સેવા ગુર્જરી ટ્રસ્ટના પ્રમુખ જયેશ શાહ દ્વારા કરાયેલી રિટમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરાયા છે કે, રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી સમયે તેમણે કાર્યકાળ દરમ્યાન કરેલી કામગીરી અને પ્રજાના કામો અને હિતને લઈ વિવિધ વચનો આપતો ચૂંટણી ઢંઢેરો છપાવવામાં આવે છે અને તે જાહેર કરવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં આ ચૂંટણી ઢંઢેરો માત્ર કાગળ પર જ હોય છે, તેનું વાસ્તવમાં કોઈ અમલીકરણ થતું હોતું નથી કે તેનું પાલન ના થાય તો રાજકીય પક્ષોની કોઈ જવાબદારી કે જવાબદેહી પણ હોતી નથી અને આ જ વાતનો ફાયદો ઉઠાવી તેઓ નાગરિકો-પ્રજાને ગેરમાર્ગે દોરી તેઓની સાથે એક પ્રકારે વિશ્વાસઘાત કરે છે. ૨૦૧૪માં તત્કાલીન સરકારે એક ભારત, શ્રેષ્ઠ ભારત, સબ કા સાથ, સબ કા વિકાસનું સૂત્ર આપ્યું હતું. જેમાં વાયબ્રન્ટ યુગ, લોકશાહીમાં ભાગીદારી, લોક ઉત્થાન, જીવનધોરણ સહિતની અનેક બાબતોનો સમાવેશ કરાયો હતો. તે જ પ્રકારે અન્ય પક્ષે પણ પછાતવર્ગ, લેબરના ઉત્કર્ષ સહિતની બાબતોને લઈ ચૂંટણી ઢંઢેરો જારી કર્યો હતો. આવા ઢંઢેરાઓ પાછળથી માત્ર પુસ્તિકામાં જ પડી રહે છે તેનું જે પ્રકારે જાહેરાત થઈ હોય છે તે પ્રકારે કોઈ જ અમલ થતો નથી. ભારત જેવા લોકશાહી દેશમાં આવા ઢંઢેરાથી પ્રજા ગેરમાર્ગે દોરાઈને જે તે પાર્ટીને ટેકો આપે છે અને તેમને સત્તાસ્થાને બેસાડે છે પરંતુ પ્રજા સાથે વિશ્વાસઘાત કરતાં આવા રાજકીય પક્ષોને ચૂંટણી પૂર્વે કે તે સમયે ચૂંટણી ઢંઢેરો જાહેર કરવા પર પ્રતિબંધ ફરમાવી તેને ગેરકાયદે ઠરાવવું જોઈએ અને રાજકીય પક્ષોની જવાબદારી અને જવાબદેહી નક્કી કરવા જોઈએ.

## ખેડબ્રહ્મા ગામ વિસ્તારમાંથી બાઈક ચોરાયુ

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મા શહેરના ગામ વિસ્તારમાં બ્રહ્માજી ચોક પાસેથી રવિવાર રાત્રીના સમયે ઘર આગળ પાર્ક કરેલ બાઈક ચોરાયુ હતુ. બ્રહ્માજી ચોક પાસે રહેતા પટેલ મુકેશકુમાર હરીભાઈ પોતાનું બાઈક નં. જીજે.૦૧. એફડી.૪૯૯૧ ઘર આગળ પાર્ક કરેલ હતુ. જેને રવિવાર રાત્રીના સમયે કોઈ ચોર ઈસમો ચોરી જતા હરેશભાઈએ પોલીસ સ્ટેશને જાણ કરી હતી. આ ઉપરાંત આજ વિસ્તારમાંથી અન્ય એક બાઈક ચોરાયુ છે. પરંતુ સત્તાવાર માહિતી પ્રાપ્ત નથી.



## મોડાસામાં વિશ્વ પર્યાવરણ દિવસે સરસ્વતી બાલ મંદિર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૫

મોડાસા શહેરમાં આવેલ સરસ્વતી વિ.એસ. પ્રાથમિક શાળામાં સોમવારના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ હોઈ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મંડળના નીલેષ જોષી, જેસીસ મીલ્ક કમીટીના ચેરમેન નવનીત પરીખ, રેડક્રોસ સોસાયટીના ચેરમેન ભરત પરમાર, મંડળના મંત્રી વિનોદ પટેલ, સ્કૂલના આચાર્ય કિરણબેન ત્રિવેદી, સ્ટાફ મિત્રો તથા નાના ભુલકાઓ કાર્યક્રમમાં જોડાયા હતા. સ્કૂલના પ્રથમ દિવસે વિશ્વ પર્યાવરણ દિન હોઈ પ્રમુખે નવીન રીતે સ્કૂલમાં વૃક્ષો રોપી પર્યાવરણ દિવસે સ્કૂલના પ્રથમ દિવસની શરૂઆત કરી હતી.

# ગાંધીનગર-અમદાવાદમાં ૭મી જૂન સુધીમાં વરસાદ

### જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલની આગાહી

ગાંધીનગર, તા. ૫

સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના ઘણા ભાગોમાં પ્રિ-મોન્સુન વરસાદ વરસી રહ્યો છે. આગામી તા. ૭મી જૂન સુધીમાં અમદાવાદ-ગાંધીનગર સહિતના વિવિધ વિસ્તારોમાં વરસાદ પડી શકે છે.

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ આગળ થોડાક જ દિવસોમાં દેશના પશ્ચિમ કિનારે આગળ વધવાની શક્યતા સાથે દેશના પશ્ચિમ સાગરકાંઠા પણ વરસાદ થશે.

મુંબઈ મહારાષ્ટ્રના ભાગોમાં જૂન તા. ૮ થી ૧૦ ચોમાસાની શક્યતા રહેશે. જૂન તા. ૮મીથી સૂર્ય મૃગશિર્ષ નક્ષત્રમાં આવતા સાગરમાં સમયોવાહી પવનની નિશાનીઓ બદલાશે અને આ વખતે દરિયો ભારે તોફાની બનશે. આ વખતે અરબ સાગરનુ તાપમાન ઊંચુ છે અને આફ્રિકા અને ભારતના સાગર વચ્ચે સાનુકૂળ હવામાનની સ્થિતિ છે. સામાન્ય રીતે આફ્રિકાથી દક્ષિણ ચીન સુધી તેમજ ઓમાનથી પશ્ચિમ કાંઠા સુધી અને દક્ષિણ પૂર્વ ઉપસાગર અને ઈન્ડોનેશીયાના હવામાનની ઘેરી અસર ભારતીય ચોમાસા પર પડતી હોય છે. આ વખતે અરબ સાગમરાં સાનુકૂળ હવામાન હોવા છતાં ગ્રહોની દ્રષ્ટિએ જોઈએ તો સૂર્ય મંગળના યોગો અને રવિ મધ્યમ યોગો ઉકળાટ વધારે અને ચડી આવેલા વાદળોમાં વિક્ષેપ કરે. તેમ છતાં સાનુકૂળ હવામાનની સ્થિતિ વચ્ચે આગામી થોડાક જ દિવસોમાં ગુજરાતના ભાગોમાં વરસાદની શક્યતા રહેશે. જો કે આ વરસાદ નીરનિરંતર ચોમાસુ ન કહેવાય પરંતુ સાયક્લોજેનીક સરક્યુલેશનથી વરસાદ આવશે. આ ગાળામાં મુંબઈના દરિયા કિનારે પવન સાથેની ગતિવિધિ જણાય છે. દરિયાની ગતિવિધિ લગભગ બપોરના મધ્યાહને તેમજ રાત્રીના મધ્યભાગમાં આગના મોજાની ગતિવિધિ જણાય છે.

હાલમાં રોહિણી સૂર્ય નક્ષત્રમાં રાજ્યના ભાગોમાં વરસાદ વરસી રહ્યો છે ત્યારે ગુજરાત રાજ્યના છૂટા છવાયા ભાગોમાં આગામી ત્રણેક દિવસમાં વરસાદ થવાની શક્યતા છે. ઉત્તર ગુજરાત-અમદાવાદના ભાગો, મધ્ય ગુજરાત પૂર્વ ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતના ભાગોમાં રોહિણી નક્ષત્રનો વરસાદ તા. ૭મી જૂન સુધી પડી શકે. ચોમાસાનો સાંકેતિક આ વરસાદ ઝડી સાથે વરસે. ૧૫મી જૂન સુધીમાં રાજ્યના ભાગોમાં વરસાદની શક્યતા રહે. સૌરાષ્ટ્રના દરિયાઈ ભાગોમાં તેમજ કચ્છના ભાગોમાં પણ વરસાદની વકી રહે.

# અમદાવાદના કાલુપુર સ્વામિનારાયણ મંદિરમાં 'ઘનશ્યામ મહોત્સવ' ઉજવાયો

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અમદાવાદના કાલુપુર સ્વામીનારાયણ મંદિર ખાતે આયોજિત ઘનશ્યામ મહોત્સવમાં ભક્તિભાવપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે તેમણે જણાવ્યું કે, સ્વામિનારાયણ સંપ્રદાયે માનવતા સાથે સદાચારના નિર્માણનું ગુજરાતમાં અદભૂત કાર્ય કર્યું છે. આ સંપ્રદાય સિવાય આજના ગુજરાતની કલ્પના પણ થઈ શકતી નથી તેવી ધન્યતા તેમણે વ્યક્ત કરી હતી. માનવને માનવ બનાવવો અને તેમાં માનવતાનું આરોપણ કરવું અઘરૂ કાર્ય છે. જે સ્વામિનારાયણ સંપ્રદાયે સુપેરે પાર પાડ્યું છે.

સ્વામિનારાયણ સંપ્રદાયે ધર્મ-સંસ્કૃતિ માટે વિશાળ સંતગણ ઉભો કર્યો છે જેઓ સ્વ માટે નહીં પરંતુ સમાજ, ધર્મ માટે અહર્નિશ સેવારત છે તેમ તેમણે ઉમેર્યું હતું.

ધર્મ-મંદિરની વાત કરવાથી ન અટકી જતાં વ્યસનમુક્તિ, યુવા વર્ગને ધાર્મિકતા તરફ વાળવાનુંતથા આપત્તિ-વિપત્તિ વચ્ચે સત્સંગ, સંકલ્પો દ્વારા સતત સમાજ ઉત્થાનનું કાર્ય આ સંપ્રદાયે ઉદ્દીપક બનીને કર્યુ છે. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામને આ મંદિરની કાષ્ઠ-કોતરણીમાં કોતરવામાં આવ્યો છે તે રીતે કાલુપુર સ્વામિનારાયણ મંદિર ઐતિહાસિક મહત્વ પણ ધરાવે છે તેમ જણાવી તેમણે કહ્યું કે, ગુજરાત દિવ્ય બને - ભવ્ય બને, જ્યાં સદાચાર, અનુકંપા, દયાસભર સમાજ રચના થાય તે માટે મંદિરો આધ્યાત્મિકતા સાથે લોક ઉત્થાનનાં કેન્દ્રો બની રહ્યાં છે. દેશમાં ગાય, ગંગા અને ગીતા માનબિંદુઓ છે ત્યારે રાજ્ય સરકારે દારૂબંધી, ગૌ હત્યા પ્રતિબંધ, શિક્ષણ માટે ફી નિર્ધારણ જેવા કડક કાયદા અમલી બનાવ્યાં છે.

### ઐતિહાસિક સિદ્ધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આની જોરદાર તૈયારીઓ છેલ્લા ઘણા દિવસથી ચાલી રહી હતી. જીએસએલવી માર્ક-૩ ૬૪૦ ટન વજન ધરાવે છે. આ જીએસએલવી માર્ક-૩ની વિશેષતા એ છે કે, સ્વદેશી ટેકનિકથી બનાવવામાં આવ્યું છે. ૪૩.૪૩ મીટર લંબાઈ અને ૪ મીટરની પહોળાઈ ધરાવનાર આ રોકેટમાં અતિઆધુનિક ટેકનોલોજી છે. રોકેટની સાથે છોડવામાં આવનાર દૂરસંચાર ઉપગ્રહ જીસેટ-૧૯ આશરે ૩.૨ ટન વજન ધરાવે છે. આ રોકેટથી આઠ ટન વજન ધરાવનાર પેલોડને લોઅર્થ પરિભ્રમણ કક્ષામાં ગોઠવી શકાય છે. જીએસએલવી માર્ક-૩ ભારતના પ્રથમ સંપૂર્ણપણે કાર્યરત રોકેટ ક્રાયોજનિક એન્જિનમાં પ્રવાહી ઓક્સિજન અને હાઈડ્રોજનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ રોકેટ માટે ભારતે ૧૧ ફ્લાઈટ અને ૨૦૦૦થી વધારે પરીક્ષણ કર્યા છે. જીએસએલવીના ઉપરના સ્ટેજ સી-૨૫નું ઈસરોએ ૧૮મી ફેબ્રુઆરી ૨૦૧૭ના દિવસે પરીક્ષણ કર્યું હતું. ચાર ટનના સેટેલાઈટને જીટીઓમાં લોન્ચિંગમાં સક્ષમ છે. ભારત દ્વારા મહત્વપૂર્ણ સફળતા અંતરિક્ષના ક્ષેત્રમાં હાસલ કરવામાં આવી રહી છે. ઈસરોએ ફેબ્રુઆરી ૨૦૧૭ના દિવસે એક સાથે ૧૦૪ સેટેલાઈટને સફળરીતે લોંચ કર્યા હતા. લોંચમાં જે ૧૦૧ નાના સેટેલાઈટનું વજન ૬૬૪ કિલોગ્રામનું હતું. આ તમામ સેટેલાઈટને એવી જ રીતે અંતરિક્ષમાં મુકી દેવામાં આવ્યા હતા જે રીતે સ્કૂલની બસ બાળકોને ક્રમશઃ સ્કૂલ ઉપર ઉતારી દે છે. અત્રે નોંધનીય છે કે, ભારત માટે અતિમહત્વકાંક્ષી જીએસએલવી માર્ક-૩ના નિર્માણમાં ૩૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. છેલ્લા ઘણા સમયથી આને લઈને તૈયારી ચાલી રહી હતી. ૨૫ વર્ષની જોરદાર મહેનતથી જીએસએલવી માર્ક-૩ તૈયાર કરવામાં આવ્યું છે.

### ત્રાસવાદી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી કે કેટલાક ત્રાસવાદીઓ છુપાયેલા છે. આવી બાતમી મળ્યા બાદ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને કાર્યવાહી કરવામાંઆવી હતી. રાષ્ટ્રીય રાઈફલ્સ અને જમ્મુ કાશ્મીર પોલીસની ટીમ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરીને બે સ્થાનિક ત્રાસવાદીઓને ઠાર મારી દીધા હતા. આ પહેલા ગયા બુધવારના દિવસે જ સોપોરેના મેન માર્કેટમાં પોલીસ પર ગ્રેનેડ ઝીંકવામાં આવ્યા હતા. જેમાં ચાર સુરક્ષા દળો ઘાયલ થઈ ગયા હતા. ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યા બાદ ત્રાસવાદીઓને પકડી પાડવા માટે કાર્યવાહી અને શોધખોળ હાથ ધરવામાં આવી હતી. સોપોરેમાં જે વખતે પોલીસ પેટ્રોલિંગ કરવા માટે જઈ રહી હતી ત્યારે આ ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો હતો. હાલમાં સુરક્ષા દળો પર નિયમિત રીતે હુમલો કરવામાં આવી રહ્યા છે. સ્થાનિક લોકોના સમર્થનના કારણે ત્રાસવાદીઓ વારંવાર નાસી છુટવામાં સફળ રહે છઆગામી દિવસોમાં સેના હુમલાને રોકવા માટે વધુ આક્રમક પગલા લેશે. સીઆરપીએફ જવાનોએ એક મોટો હુમલાને ટાળી દીધો છે. આ ત્રાસવાદીઓ ઉરીની જેમ જ સંબલમાં પણ સીઆરપીએફના કેમ્પમાં હુમલો કરવા ઈચ્છુક હતા. કેમ્પમાં આગ લગાડીને જવાનોને સળગાવી દેવા માટેનીયોજના હતી. જો કે, ચેતન ચિતાની બટાલિયન સામે ત્રાસવાદીઓ ટકી શકાય ન હતા. ગયા વર્ષે ૧૮મી સપ્ટેમ્બરના દિવસે ત્રાસવાદીઓએ ઉરીમાં સેનાના કેમ્પ ઉપર હુમલો કર્યો હતો જેમાં ૧૯ જવાન શહીદ થયા હતા તે પૈકી ૧૪ જવાનોના મોત દાઝી જવાના લીધે થયા હતા.

### ૨૨ ભડથું

● અનુસંધાન પહેલાનું ચાલુ

કારણ કે દાજી ગયેલા લોકો પૈકી મોટા ભાગના લોકોની હાલત ગંભીર છે. દાજી ગયેલા લોકોની સંખ્યા ૧૫ દર્શાવવામાં આવી છે. મળેલી માહિતી મુજબ રવિવારે

મોડી રાત્રે આ દુર્ઘટના થઈ હતી. માર્ગ પરિવહન નિગમની બસ લોકોને લઈને દિલ્હીથી ગોન્ડા તરફ જઈ રહી હતી. બરેલીમાં જ્યારે બસ દુર્ઘટનાગ્રસ્ત થઈ ત્યારે મોટા ભાગના લોકો ઉંઘમાં હતા. ટ્રક સાથે ટક્કર થતાની સાથે જ દિલ્હીથી ગોન્ડાની તરફ જતી બસના ટેન્કરમાં આગ ફાટી નિકળી હતી. ટેન્કર ફાટી જવાના કારણે આગ લાગી ગઈ હતી. આગ એટલી પ્રચંડ હતી કે લોકોને બચવાની કોઈ તક મળી ન હતી.આ અકસ્માતના કારણે ફરી એકવાર ઉત્તરપ્રદેશ રાજ્ય પરિવહન નિગમના બસની રહેલી ખસ્તા હાલતની પોલ ખુલી ગઈ છે. ઘટનાસ્થળેથી પ્રાપ્ત હેવાલામાં દાવો કરવામાં આવ્યો છે કે ઘટના બન્યા બાદ બસના પાછળના ગેટને ખોલી નાંખવામાં લોકોને સફળતા મળી ન હતી. આવી સ્થિતીમાં લોકોને બહાર નિકળવાની કોઈ તક મળી ન હતી. લોકો પાસે આગળના ગેટથી જ નિકળવાની તક હતી. જો પાછળના ગેટને અકસ્માતના સમય ખોલી નાંખવામાં સફળતા મળી હોત તો વધુ લોકો બચી ગયા હોત. જો કે આ બાબત શક્ય બની ન હતી. ઉત્તરપ્રદેશ રાજ્ય માર્ગ પરિવહનની બસની હાલત ખરાબ હોવા છતાં તેમની તરફ ધ્યાન આપવામાં આવી રહ્યુ નથી. ઘાયલ થયેલા લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. જો કે મૃતકોની ઓળખ કરી શકાઈ નથી.મળેલી માહિતી મુજબ બેદરકારીના લીધે પણ અકસ્માતો થઈ રહ્યા છે. રાજ્ય પરિહવન નિગમની બસ યુપી-૪૩-ટી-૫૯૭૮ નવી દિલ્હીથી આવી રહી હતી. તેમાં ૪૫ યાત્રીઓ હતા. આ બસ દિલ્હીથી ગોન્ડા જઈ રહી હતી. લખનૌની દિશાથી આવી રહેલી ટ્રક સાથે સામેથી આ બસ અથડાઈ હતી. જિલ્લા અધિકારીના કહેવા મુજબ ટ્રક ડ્રાઈવરનો બચાવ થયો છે. મોટાભાગના દાઝી ગયેલાઓની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આગ ઉપર કાબૂ મેળવવા માટે ડઝનથી વધુ ફાયર બ્રિગેડની ગાડીઓ પહોંચી હતી. વરિષ્ઠ અધિકારીઓ પણ પહોંચ્યા હતા. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. યાત્રીઓને બહાર કાઢવા માટે ટ્રાફિકને ડાયવર્ટ કરાયો હતો. ઘાયલોમાં બસ ડ્રાઈવર ચંદ્રશેખર શુક્લા અને કંડક્ટર અપ્સર અઝીઝ ફારુકીનો બચાવ થયો છે. તેમને સારવાર આપવામાં આવી રહી છે.

### પ્રક્રિયા હાથ ધરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મકાનોના સ્થાને સે-૭ અને ૨૯ માં નવા આવાસો તૈયાર કરી દેવાયા છે.ત્યારે નવા આવાસો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. કોર્પોરેટ લુક ધરાવતા આવાસોનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. અલબત્ત મોટાભાગનુ કામ પુર્ણ થતા હવે આગામી મહીનામાં જ આવાસોનુ લોકાર્પણ કરવામાં આવશે. ત્યારે માર્ગ મકાન વિભાગના ચોપડે આવાસોની ફાળવણીના મામલે અરજદારોની પ્રતિક્ષાયાદી પણ મોટી થતી જાય છે. ત્યારે નવા આવાસો તૈયાર થયા બાદ હવે મકાનોની ફાળવણીની પ્રક્રીયા પણ ટુંકમાં જ શરૂ કરી દેવાશે. સે-૭ માં આવાસો તૈયાર છે. હવે ફક્ત લીફ્ટ તેમજ ઈલેક્ટ્રીફિકેશનનુ અમુક કામ જ બાકી છે. ત્યારે આવાસોની ફાળવણીની પ્રક્રીયા પણ ઝડપભેર હાથ ધરવામાં આવશે. જેથી આગામી સમયમાં લોકાર્પણ વેળાએ જ અરજદારોને રહેવા માટે ચાવી આપી દેવાશે. સે-૩૦ માં નવા આવાસો બાંધવાનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. જેથી આગામી એક વર્ષમાં આ મકાનો પણ તૈયાર કરી દેવાશે. ત્યારે આગામી એક વર્ષમાં સરકારી કર્મચારીઓને રહેણાંક માટેના મકાનો ફાળવવાનુ કામ પણ સરળ બનશે. કર્મચારીઓને નવા કોર્પોરેટ લુક ધરાવતા આવાસો મળશે. પરંતુ સેકટરોમાં રહેણાંકને લાયક હોય તેવા આવાસોના મજબુતીકરણનુ કામ હજુ ઝડપભેર હાથ ધરાય તે અનિવાર્ય હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે.

### ભયજનક ગાબડુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થાય તેમ છે. આવા સંજોગોમાં વરસાદી વાતાવરણમાં ખુલ્લી ગટરો અને માર્ગ વચાળે ખોદાયેલા ખાડાઓ સ્થાનિક રહીશો માટે ગમે ત્યારે જાનલેવા તેમજ જોખમી પુરવાર થાય તેમ છે. સે-૩ માં છેલ્લા બે મહીનાથી ખોદકામગીરીનો અંત આવતો નથી. ધુળિયા વાતાવરણના લીધે સ્થાનિક રહીશો પણ ડસ્ટ એલર્જીનો ભોગ બની રહયા છે. જયારે ગટર લાઈનને અપગ્રેડ કરવાનુ કામ પણ લાંબા સમયથી પુર્ણ થતુ નથી. વરસાદી દિવસો નજીકમાં છે. ત્યારે યોગ્ય માટીપુરાણ નહીં કરવામાં આવે તો ગમે ત્યારે માટીપોલાણ થવાના લીધે અકસ્માત થાય તેવી દહેશત છે. બીજીતરફ સે-૨૧ માં પણ મુખ્ય શોપિંગ વચાળે જ મોટોમસ ખાડો અસ્તિત્વમાં આવ્યો છે. અલબત્ત ગટરલાઈન ખુલ્લી હોવાના લીધે ગમે ત્યારે મુલાકાતીઓ અકસ્માતનો ભોગ બને તેવી દહેશત છે. શોપિંગ વિસ્તારમાં જયાં મુલાકાતીઓની સતત અવરજવર રહે છે. તેવા વિસ્તારમાં જ ખુલ્લી ગટરલાઈન જોખમી બની છે.

### પર્યાવરણના પડકારને...

● ત્રીજા પાનાનું ચાલુ

સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ, માજી મેયર મહેન્દ્રસિંહ રાણા, ભાજપ શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ દાસ અને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના મુખ્ય સંચાલિકા રાજયોગીની કૈલાશદીદી, અક્ષરધામ સંકુલના જાગૃતભાઈ સહિત ગાંધીનગર શહેરના અગ્રણી નાગરીકો, વેપારી મિત્રો, નગરજનો ગાંધીનગરની ટી.સી.એસ., આઈ.આઈ.ટી., પબ્લિક હેલ્થ ઈન્સ્ટીટ્યુટ, ખાણી પીણી બજાર સે. ૧૬ના અગ્રણીઓ સહિત બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. મેયર તથા ઉપાધ્યક્ષે પર્યાવરણ દિનની ઉજવણી સેગ્રીગેશન ડે તરીકે કરી સ્વચ્છ ભારતની પરિકલ્પનાને આકર કરવા સુકો કચરો વાદળી (બ્લુ) ડસ્ટબીન તથા ભીનો કચરો લીલા (ગ્રીન) ડસ્ટબીનમાં એકત્ર કરી મહાનગરપાલિકાના વાહનને આપવા નગરજનોને અપીલ કરી પ્રતિજ્ઞા લેવડાવી હતી.

કાર્યક્રમમાં સ્વચ્છતા, સેગ્રીગેશન અંગેના વિડીયો બનાવવામાં આવેલ અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ગાંધીનગરના પર્યાવરણ ઈજનેર દ્વારા કચરાનુ સેગ્રીગેશન કરવા પ્રેઝટેશન રજુ કરી સ્પીચ આપી ટેકનીકલ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ. મહાનગર પાલિકાના મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ ડૉ. દિનેશભાઈ બારોટ દ્વારા મેલેરીયા અટકાયતી પગલાનુ પ્રેઝટેશન રજુ કરવામાં આવેલ હતુ.

અંતમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર જે.બી. બારૈયાએ તમામ નગરજનોને ભીનો અને સુકો કચરો અલગ કરી વાદળી અને લીલા ડસ્ટબીનમાં એકત્ર કરી મહાનગર પાલિકાને આપવા તથા ગાંધીનગરના તમામ નગરજનોને આ અંગેના પ્રતિજ્ઞાપત્રો ૨૦ હજાર જેટલા ભર્યા છે અને બાકીના તમામ નગરજનોએ બે લાખની સંખ્યામાં પ્રતિજ્ઞાપત્રો ભરીને સ્વચ્છ ભારત અભિયાનમાં સહયોગી બનવા અપીલ કરી કાર્યક્રમનુ આભાર દર્શન કરી કાર્યક્રમ પુરો થયેલ જાહેર કરેલ હતો.